## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મને હવે ચિંતા થાય છે !! આના પછી..........
કામ વધારી તો નહીં દે ને ?

# ભાજપ ગાંધીનગર મહાનગર દ્વારા અંબાજી ખાતે ત્રિ દિવસીય પ્રશિક્ષણ વર્ગ ઉત્સાહભેર સંપન્ન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરનો પ્રશિક્ષણ વર્ગ તા. ૨૯, ૩૦, ૩૧ જુલાઈ ૨૦૧૬ના રોજ ગાયત્રી શકિત પીઠ અંબાજી ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર મહાનગરના ૧૮૦ થી વધુ કર્મઠ કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રશિક્ષણ વર્ગને સફળ બનાવ્યો હતો. આ વર્ગમાં કુલ ૧૩ સત્રમાં પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ વિષઓ આવરી લેવામાં આવ્યા હતા. ભરતભાઈ પંડયા ગજેન્દ્રભાઈ સકસેના, જગદીશભાઈ ચાવડા, નરહરિભાઈ અમીન, ડો. હેમંતભી ભટ્ટ, ડો. પરાગભાઈ શેઠ, રમણલાલ વોરા, ડો.દિનેશજી શર્મા, પ્રફુલ્લાભાઈ પટેલ, વિજયભાઈ રૂપાણી, તથા ભરતસિંહ પરમારે વિવિધ વિષયો પર કાર્યકર્તાઓને પ્રશિક્ષિત કર્યા હતા. આ પ્રશિક્ષણ વર્ગની આભારવિધિ રમીલાબેન બારાએ કરી હતી. અભ્યાસ વર્ગને સફળ બનાવવા ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ તથા તેમની ટીમે મહેનત કરી હતી.

## મુખ્યમંત્રીશ્રીનો શિક્ષણ વિભાગની સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય

# ગરીબ દિકરીઓની મેડીકલ એજ્યુકેશન-તબીબી શિક્ષણ ફી રાજ્ય સરકાર ચૂકવશે



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યની ગરીબ પરિવારની તબીબી-મેડીકલ શિક્ષણમાં અભ્યાસ કરતી દિકરીઓને કન્યા કેળવણી નિધિમાંથી ફી રાજ્ય સરકાર દ્વારા આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આજે મળેલી શિક્ષણ વિભાગની સમીક્ષા બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, હાલ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત જે દિકરીઓ-વિદ્યાર્થીનીઓ તબીબી-મેડીકલ શિક્ષણમાં પ્રવેશ મેળવે છે તેમને ૫૦ ટકા ફી આ યોજના તળે મળવા પાત્ર છે. હવે આવી ગરીબ પરિવારોની દિકરીઓને બાકીની ૫૦ ટકા ફી મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી આપવામાં આવશે.

આમ, ગરીબ પરિવારની દિકરીઓની તબીબી શિક્ષણની સંપૂર્ણ ફી રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

શ્રીમતી આનંદીબહેને શિક્ષણ વિભાગની સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં આજે શિક્ષણ વિભાગની બજેટ ફાળવણી અને તેના વિનિયોગ તેમજ ભરતી પ્રક્રિયામાં ગતિ માટેના પ્રેરક સૂચનો કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ રાજયના કન્યા કેળવણી નિધિમાં જનસહયોગથી તેમજ સ્વૈચ્છિક દાતાઓના દાન ભંડોળથી ઉપલબ્ધ રૂ. ૭૦ કરોડ જેવી માતબર રકમનો સુઆયોજિત ઉપયોગ ખાસ કરીને ગરીબ પરિવારોની દિકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે કરવાના હેતુથી આ નિર્ણય બેઠકમાં કર્યો છે.

શ્રીમતી આનંદીબહેન પટેલની અધ્યક્ષતામાં આ સમીક્ષા બેઠકમાં એવો નિર્ણય પણ કરવામાં આવ્યો કે ધોરણ-૧૨ ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઈલ મેળવનારી અને જેઓના વાલીની વાર્ષિક આવક ૬,૦૦,૦૦૦/- કે તેથી ઓછી હોય તેવી તેજસ્વી વિદ્યાર્થીનીઓને (કન્યાઓને) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન કે અન્ય યોજનામાંથી મળતી સહાય બાદની બાકી રહેતી ફીની સહાય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાંથી આપવામાં આવશે.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિની અન્ય યોજનાઓમાં સમાવી ન શકનાર અને ઉચ્ચ અભાસક્રમમાં અભ્યાસ કરતી તેજસ્વી કન્યા કે જેના વાલી નબળી આર્થિક સ્થિતિના કારણે પોતાની કન્યાના શિક્ષણ માટેનો ખર્ચ ન ઉઠાવી શકતા હોય તેવી કન્યાના વાલીની મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી આર્થિક સહાય અંગેની કોઈ અરજી કે દરખાસ્ત નિયામક, પ્રાથમિક શિક્ષણને કરશે તો નિયામક પ્રાથમિક શિક્ષણે આવી દરખાસ્તની ચકાસણી કરી યોગ્ય જણાયે આ દરખાસ્ત મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિની કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કરશે. કાર્યવાહક સમિતિ આવી દરખાસ્ત ખાસ કિસ્સામાં મંજૂરી અર્થે મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવા ભલામણ કરશે અને તેમને પણ યોગ્યતાનુસાર કન્યા કેળવણી નિધિમાંથી સહાય રાજ્ય સરકાર આપશે. તેવો નિર્ણય પણ આ સમીક્ષા બેઠકમાં કરવામાં આવ્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તહેત અત્યાર સુધીમાં મેડીકલ એજ્યુકેશનમાં અભ્યાસ કરતી ૬૬૭ વિદ્યાર્થીનીઓ-કન્યાઓને કલ એજ્યુકેશન ફી, પુસ્તકો તથા હોસ્ટેલ સગવડ મળીને રૂા. ૯ કરોડ ૧૩ લાખ ૪૭ હજારની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી છે.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા રાજ્યમંત્રીશ્રીઓ શ્રીમતી વસુબહેન ત્રિવેદી, નાનુભાઈ વાનાણી, મુખ્ય સચિવશ્રી ડૉ. જે. એન. સિંઘ તથા શિક્ષણ વિભાગના વરિષ્ઠ સચિવશ્રીઓ, અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દિપેશ દેસાઈએ આજથી તેમનો કાર્યભાર સંભાળી લીધો છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વધુ એક કોલેરા પોઝીટીવનો કેસ નોંધાયો છે તે દર્દી અમદાવાદના કઠવાડાનો છે.
- ગાંધીનગર શહેરમાં બેટી બચાવો, બેટી વધાવો અંતર્ગત રેલીનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રશિક્ષણ વર્ગ સંપન્ન થયો છે.
- ગાંધીનગર શહેરના જન્મદિનની સાથે સાથે શ્રાવણ.
- આજે પ્રદેશ ભાજપના અધ્યક્ષ વિજય રૂપાણીનો જન્મ દિવસ છે.
- ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે આજે તેમનો જન્મદિવસ સાદગીથી પરિવાર સાથે ઉજવ્યો.
- ગાંધીનગર જિલ્લામાં આજથી 'જય ભોલે'ના નાદથી શિવમંદિરો ગુંજશે.
- ગાંધીનગર તાલુકાના મેદરા ખાતે ૭મીએ યોજાનાર નર્મદા નિગમના વન મહોત્સવ સ્થળની મુલાકાતે જિલ્લાના અધિકારીઓની ટીમ ગઈ હતી.



ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે આજે રાજ્યના ગ્રામ વિકાસ કમિશનર સુશ્રી જયંતિ રવિ પહોંચ્યા હતા. સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલય નિર્માણની ચાલી રહેલી કામગીરી જોવા નીકળેલા સુશ્રી જયંતિ રવિ જાતે શૌચાલયના કુવાનું ખોદકામ કરવા લાગ્યા હતા તેમની બાજુમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રીબેન દેવાંગન નજરે પડે છે. બે કુવાનુ ખોદકામ જોતજોતામાં પૂર્ણ થઈ ગયુ હતુ. તેમણે લોકોને શૌચાલય બનાવવામાં જાગૃતિ સાથે સ્વચ્છતા મિશનના વિવિધ કાર્યક્રમોની જાણકારી પણ આપી હતી.

## શ્રાવણ માસ નિમિત્તે આનંદીમાના વડલે

# માણસામાં સવા લાખ રૂદ્રાક્ષનું ૧૦ ફૂટ ઊંચું શિવલિંગ

### શિવલિંગ પર માત્ર પાણીનો જ અભિષેક કરાશે : ભક્તો દ્વારા અભિષેક માટે અપાયેલ દૂધ આંગણવાડીના બાળકો અને સંસ્થાના વિનામૂલ્યે અન્નક્ષેત્રેમાં વપરાશે




ગાંધીનગર, તા. ૧

હિન્દુ શાસ્ત્રમાં શ્રાવણ માસનો અલગ જ મહિમા છે. આ સમગ્ર માસ દરમ્યાન શિવભક્તિમાં ભક્તો લીન બની જાય છે. આ શ્રાવણ માસ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના માણસા શહેરમાં આવેલા આનંદીમાના વડલા ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ૧ લાખ ૨૫ હજાર રૂદ્રાક્ષથી બનાવેલ શિવલિંગનું નિર્માણ ભક્તો માટે ખાસ કરવામાં આવ્યું છે. આ શિવલિંગનું નિર્માણ ગાંધીનગરમાં ફેબ્રિકેશનનો વ્યવસાય કરતા સુરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. તા. ૩ ઓગષ્ટના રોજ આ શિવલિંગનું હિન્દુ શાસ્ત્ર મુજબ સ્થાપન કરવામાં આવશે.

વિઘ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટના દિનેશભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, આ પ્રકારનું બનાવવાની પ્રેરણા ભરૂચ જિલ્લાના જમ્મુસર તાલુકાના તબેશ્વર મહાદેવના મંદિરમાંથી મળી છે. આ મંદિરના મહંત વિદ્યાનંદજી મહારાજ તરફથી આ શિવલિંગ માટે સવા લાખ રૂદ્રાક્ષ ખાસ બનારસથી મંગાવી દાન રૂપે આપવામાં આવ્યા છે. આ શિવલિંગ રૂદ્રાક્ષથી બનાવેલ હોવાથી તેના પર માત્ર પાણીનો જ અભિષેક કરવામાં આવશે. ભક્તો દ્વારા શિવલિંગના પાસે રાખેલ તાંબાના ખાસ વાસણમાં પાણી અને દૂધ શિવલિંગના અભિષેક માટે અલગ અલગ પાત્રમાં લેવામાં આવશે. જેમાંથી ૧૦ ફૂટ જેટલી ઉંચાઈ ધરાવતા અને રૂદ્રાક્ષથી બનાવેલ શિવલિંગ પર મોટર દ્વારા માત્ર પાણીનો જ અભિષેક કરવામાં આવશે. અલગ પાત્રમાં અભિષેક માટે ભક્તો દ્વારા આપવામાં આવેલા દૂધ આંગણવાડીના બાળકો તેમજ જ્યાં ઝડપથી વપરાઈ શકે તેવી સંસ્થાઓ અને વધે તે દૂધનો ઉપયોગ સંસ્થામાં સમગ્ર વર્ષ દરમ્યાન ચાલતા વિનામૂલ્યે અન્નક્ષેત્રમાં છાશ બનાવી વિતરણ કરવામાં આવશે. તે ઉપરાંત શ્રાવણ માસની અગિયારસ અને અમાસના દિવસે લઘુ રૂદ્રાક્ષનો કાર્યક્રમ યોજાશે તેમજ અશ્વિન જોષીની શિવસંધ્યા કાર્યક્રમ પણ યોજાશે.

આ શિવલિંગનું નિર્માણ કરનાર જલારામ ફેબ્રિકેશનના સુરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ શિવલિંગનું નિર્માણ કરવાનું કામ તો લગભગ ૫ દિવસથી વધુ સમયનું છે, પણ ખૂબ જ ઓછા સમયમાં આ નિર્માણ કરવાનું કામ મળ્યું હોવાથી મારા સાથે કામ કરતા જાવેદ બલોચ, વિષ્ણુભાઈ, કિશોરભાઈ, બળવંતભાઈ, ગાંડાજી, ગોવિંદભાઈ, નરેશભાઈ, જયેશભાઈ અને સંજયભાઈ દ્વારા ૭૦ કલાક સતત કામ કરીને નિર્માણ કર્યુ છે. આ શિવલિંગ ૯.૫૦ ફૂટ ઉંચાઈનું છે. જેનું વજન ૨૨૦ કિલો છે. જેમાં ૨૦૦ કિલો રૂદ્રાક્ષ અને ૨૦૦ કિલો થાળો કરતા શિવલિંગનું કુલ વજન ૬૨૦ કિલો જેટલુ થઈ જશે.

# સત્યાગ્રહ છાવણી ખાતે થાનગઢ હત્યાકાંડના પીડિત પરિવારો ધરણા પર

ગાંધીનગર, તા.૧

થાનગઢ હત્યાકાંડમાં ન્યાય ઝંખતા પિડીત પરિવારો આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિવિધ માંગણીઓને લઈ ધરણા પર બેઠા છે. આ પિડીત પરિવારોએ આજે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી ઝડપી ન્યાય મળે તે માટે રજુઆત કરી છે.

થાનગઢ હત્યાકાંડને અંદાજે ચાર વર્ષનો સમય વિતવા છતા હજુ સુધી દલિત પરિવારને ન્યાય નહી મળતા આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેઠા છે. જેમાં થાનગઢ હત્યાકાંડની નોંધાયેલ ફરીયાદોની તપાસ તાત્કાલીક સોંપો, ગુન્હા રજી નં ૭૨-૨૦૧૨ અને ૭૩-૨૦૧૨ ફરિયાદની સી સમરી રદ કરો, થાનગઢ હત્યાકાંડની ફરિયાદનો કેસ સુરેન્દ્રનગરની કોર્ટમાંથી અમદાવાદ સેશનકોર્ટમાં ટ્રાન્સફર કરો, થાનગઢ હત્યાકાંડના કેશના ઝડપી નિકાલ માટે ખાસ કોર્ટ બનવો અને ખાસ સરકારી વકીલની નિમણુક તાત્કાલીક દુર કરો, ચાર વર્ષથી પડતર કેસનો નિકાલ છ માસમાં આવે તેવી ઝડપી કાર્યવાહી કરીને દોષિતોને સજા આપો. થાનગઢનો તપાસ અહેવાલ તાત્કાલિક મૃતકના પરિવારને આપી જાહેર કરો. પાટીદાર સમાજ પર થયેલા પાછા ખેંચવામાં આવ્યા તો દલિત પર થયેલા કેસ દિન ૧૦માં પરત ખેંચવામાં આવે, પાટીદાર અનામત આંદોલનમાં પોલીસ અત્યાચારમાં પટેલ સમાજના મૃતક યુવાનોના પરિવારને લાખોની સહાય યોજના મુજબ દલિત અત્યાચારના આંદોલનમાં દલિત સમાજ પર પોલીસ અત્યાચારના ભોગ બનેલા પરિવારોને સહાય ચુકવો સહિતની માંગ સાથે આજે મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી ઝડપી યોગ્ય ન્યાય મળે તે માટે માંગ કરી છે. થાનગઢ અંગે ન્યાય નહી મળે ત્યાં સુધી ધરણા પર બેસી રહેવાની ચિમકી પરિવારે ઉચ્ચારી છે.

# શિવશક્તિ મંદિર, છ-ટાઈપ, સે-૨૩નો ૧૭મો પાટોત્સવ રંગેચંગે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના શિવશક્તિ મંદિર છ-ટાઈપ સેક્ટર-૨૩ના સત્તરમાં પાટોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી પ્રસંગે શોભાયાત્રા, ધજારોહણ, યજ્ઞ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. નગરના હજ્જારો ભક્તોએ આ ઉજવણીમાં ભાગ લઈ દર્શનનો લ્હાલો મેળવીને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. સવારે ૭.૩૦ કલાકે શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યુ હતુ. સેક્ટરના વિવિધ માર્ગો પર થઈને શોભાયાત્રા મંદિરે પરત ફરી હતી. શોભાયાત્રામાં હજ્જારો ભાવિકો જોડાયા હતા. શિવશક્તિ યાગ પ્રારંભ સવારે ૯.૧૫ કલાકે, ધજારોહણ(નૂતન) ૧૨.૩૯ કલાકે (શક્તિ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ દ્વારા), યજ્ઞની પૂર્ણાહુતી સાંજે ૫.૦૦ કલાકે, ભોજન પ્રસાદ સાંજે ૬.૦૦ કલાકે, આનંદનો ગરબો ભાવનાબેન ગોકલાણી દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે યોજાયો હતો. યજ્ઞના આચાર્ય તરીકે પ.પૂ. શાસ્ત્રી કલ્પેશભાઈ મહેતા હાજર રહ્યા હતા. જ્યારે યજ્ઞના મુખ્ય યજમાન રણધીરભા લક્ષ્મણસિંહ વાઘેલા હતા. યજમાન તરીકે લાભુભાઈ દેસાઈ, હસમુખભાઈ ઉમરાણીયા, પ્રકાશભાઈ વ્યાસ, દિપકકુમાર વ્યાસ અને અનિલ ધીરૂપુરી ગોસાઈ, રાજુભાઈ પટેલ, સ્વ. મંગળભાઈ પટ્ટણી, પરેશભાઈ દવે, ગં.સ્વ. મધુબા દરજી સહિત અનેક ભક્તોનો સહયોગ સાંપડ્યો હતો. સેક્ટર-૨૩ ખાતે દિવસ દરમ્યાન યોજાયેલા વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે ભક્તિભાવનું વાતાવરણ સર્જાયુ હતુ. યજ્ઞપૂર્ણાહુતી બાદ ૨૦૦૦થી વધુ ભક્તોએ ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો.

# મિશન મંગલમ યોજનાના કર્મચારીઓની પગાર વધારાની માંગ

ગાંધીનગર, તા.૧

ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપીની લી. મિશન મંગલમ્ એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત રાજયના તમામ કર્મચારીઓ અધિકારીઓ પગાર વધારાના પ્રશ્નના નિરાકરણ માટે ગાંધીનગર ઉદ્યોગભવન ખાતે બ્લોક નં-૧૮ના ત્રીજા માળે આવેલ ઓફીસે આવી પહોંચ્યા હતા. પગાર વધારા અંગે લેખીત બાંહેધરી નહી મળે ત્યાં સુધી કર્મચારીઓ પીછેહઠ કરશે નહી તેવું ઉગ્ર મુડ સાથે કહેતા જણાયા હતા. પગાર વધારા અંગે કર્માચારીઓએ મંત્રી તેમજ રાજયના મુખ્યમંત્રીને પણ લેખીતમાં રજુઆત કરી છે. મિશન મંગલમ્ યોજના હેઠળ રાજય કક્ષાએ કાર્યરત કર્મચારીઓને પગાર વધારો આપવામાં આવેલ છે. મહાત્મા ગાંધી નરેગા યોજના અને સ્વચ્છ ભારત મિશન (ગ્રા) અંતર્ગત કાર્યરત કર્મચારીઓને દર વર્ષે ૧૫ ટકા સુધીનો મળવાપાત્ર પગાર વધારો મળે છે. જયારે મિશન મંગલમ્ યોજના હેઠળ જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ ફરજ બજાવતા કર્મચારીઓને છેલ્લા પાંચ વર્ષથી કોઈ જ પ્રકારનો પગાર વધારો આપવામાં આવેલ નથી. આ યોજના હેઠળ ડિસ્ટ્રીકટ લાઈવલીહુડ મેનેજરને અંદાજે રૂ.૪૪૦૦૦, આસીસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર ડીસ્ટ્રીકટને રૂ.૨૪૦૦૦ (જિલ્લાકક્ષા), એ તેમજ તાલુકા લાઈવલી હુડ મેનેજરનો રૂ.૧૪૦૦૦, આસીટન્ટ પ્રોજેકટ મેનેજરને રૂ.૧૦૦૦૦ (તાલુકા કક્ષા)એ જયારે ગ્રામ્ય કક્ષાએ ફરજ બજાવતા કલસ્ટર કો. ઓડીનેટરને રૂ.૫૦૦૦ જેટલો પગાર પ્રાપ્ત થાય છે.પગાર વધારનો લાભ ઝડપી મળે તે માટે કર્મચારીઓ આજે જીએલપીસીની ઓફીસે આવી પહોંચ્યા હતા.

# એએફએસ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૧

અમેરિકન ફિલ્ડ સર્વિસ (એએફએસ) દ્વારા ગાંધીનગર ખાતે સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો, જેમાં વિદેશ ભણીને આવેલા, વિદેશ ભણવા માટે જઈ રહેલા અને વિદેશથી અહીં ભણવા આવેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત એક વર્ષ માટે વિદેશ અભ્યાસ માટે જતા ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થી શ્વેતા સાધુ, એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં વિદ્યાર્થીની ફોરમ ભટ્ટ, ઝેવિયર્સનાં વિદ્યાર્થીની પ્રિયા જાધવ અને અક્ષજ શાહને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. વિદેશથી અહીં ભણવા માટે આવેલા આના જી (ઈટાલીથી એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં), આલેઝોન્દ્રો (ઈટાલીથી એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં) હેલી (અમેરિકાથી એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં), આન્દ્રીયા (ઈટાલીથી કડી સ્કૂલ, કડી ગામમાં) અને અનીતા (ઈટાલીથી કડી સ્કૂલ, કડી ગામમાં)નું સ્વાગત કરવામાં આવ્યું હતું. એએફએસના માધ્યમથી વિદેશ જઈ એક વર્ષ અભ્યાસ કરી આવેલા વિદ્યાર્થી હાર્દિ મંકોડી, સલોની પાઠક, શ્રદ્ધા સોની અને ઝીલમીલ પટેલનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓએ પોતાનાં એક વર્ષનાં સંભારણાં પણ રજૂ કર્યા હતાં. આ પ્રસંગે કડી ગામથી કડી સ્કૂલના આચાર્ય રામકુમાર વર્ષા તેમજ સુપરવાઈઝર ઉઝમા મનસુરી ઉપસ્થિત રહ્યા હતા. સર્વપ્રથમ વખત ગાંધીનગર બહાર કડી સંકુલ, કડી ગામમાં એએફએસ દ્વારા વિદેશી વિદ્યાર્થીઓને હોસ્ટ કરનાર યોગેશભાઈ પટેલ અને દિલીપભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર ચેપ્ટર એએફએસના કેવલ ગજ્જર, ધ્રુવ ઠક્કર અને ધવલ ખટાણાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ડૉ. વર્ષા પારેખે સૌને શુભકામનાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે એએફએસ ગાંધીનગર દ્વારા સર્વપ્રથમ વખત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર જી કન્યા વિદ્યાલય, સેક્ટર-૨૩ની ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીની શ્રદ્ધા સોની પસંદગી પામી છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનીશ મંકોડીએ કર્યું હતું.


## જાહેરાત

ટ્રેડ યુનિયનના વાર્ષિક રિટર્ન સને-૨૦૧૫નો રીપોર્ટ તૈયાર કરવા સોફટવેરમાં ડેટા એન્ટ્રી કરાવવાની જરૂર હોઈ, શ્રમ આયુક્તશ્રીની કચેરી, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ઘ-સર્કલ, ગાંધીનગર દ્વારા ભાવો મંગાવે છે. રસ ધરાવતી એજન્સીઓએ તા. ૩/૮/૨૦૧૬થી તા. ૮/૮/૨૦૧૬ સુધી ૧૮.૦૦ કલાક સુધીમાં કચેરી ખાતેથી મેળવી સીલબંધ કવરમાં કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે.

સહી/-
નાયબ શ્રમ આયુક્ત,
શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર

માહિતી/૧૧૩૧/૨૦૧૬-૧૭